**સેશન્સ કેસ નં.૧૦૮/૨૦૨૫**

**આંક–૧નું સાંધણ**

**તા.૩૦/૩/૨૦૨૬**

આ કામે મહેસાણા શહેર એ ડીવી. પોલીસમાં ફરીયાદી ભોગબનનારનાઓએ પોતાની ફરીયાદ હકિકત લખાવેલી જે ફરીયાદીના કામે મહેસાણા શહેર એ ડીવી.પોલીસ સ્ટેશન ઓન લાઇન ગુ.ર.નં. ૧૧૨૦૬૦૪૪૨૫૦૭૪૪/૨૦૨૫,બી.અને.એસ.ની ક.૬૪(૨)(એમ), ૧૪૦(૩), ૭૫(૨), ૭૯, ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૩૨૪(૨), ૩૦૮(૨), ૫૪ મુજબનો ગુન્હો આરોપી રાકેશકુમાર ઉર્ફે રાજુ સન–ઓ મથુરજી જગતસિંહ ઠાકોર રહે.૨૫, ઉમીયા ડાયમંડ સો. દેથીલી રોડ સિધ્ધપુરવાળા વિરૂધ્ધ દાખલ કરેલો. આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ કરતાં સદર ગુન્હાનો સેશન્સ કેસ નં.૧૦૮/૨૦૨૫થી દાખલ કરવામાં આવેલો હતો.

સદરહું આરોપીએ નામદાર ગુજરાત હાઇકોર્ટ ક્રિમીનલ મીસ એપ્લીકેશન(કવોશીંગ) નં.૬૧૫૪/૨૦૨૬થી ફરીયાદ કવોશ કરાવવા માટે અરજી ગુજારેલી અને તે અરજીના કામે નામદાર ગુજરાત હાઇકોર્ટ તા.૨૦/૩/૨૦૨૬ના રોજ સદરહું એફ.આઇ.આર.કવોશીંગ માટેની અરજી મંજુર કરેલી. સેશન્સ કેસ નં.૧૦૮/૨૦૨૫ કે જે મહેસાણા શહેર એ ડીવી.પોલીસ સ્ટેશન ઓન લાઇન ગુ.ર.નં.૧૧૨૦૬૦૪૪૨૫૦૭૪૪ /૨૦૨૫, બી.અને.એસ. ની ક.૬૪(૨)(એમ), ૧૪૦(૩), ૭૫(૨), ૭૯, ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૩૨૪(૨), ૩૦૮(૨), ૫૪ મુજબના

કેસનું પ્રોસીડીંગ રદ કરેલ છે. હાલના આરોપી રાકેશકુમાર ઉર્ફે રાજુ સન–ઓ મથુરજી જગતસિંહ ઠાકોર રહે.૨૫, ઉમીયા ડાયમંડ સો. દેથીલી રોડ સિધ્ધપુરવાળા વિરૂધ્ધની મહેસાણા શહેર એ ડીવી.પોલીસ સ્ટેશન ઓન લાઈન ગુ.ર.નં.૧૧૨૦૬૦૪૪૨૫૦૭૪૪/૨૦૨૫ ની એફ.આઈ.આર.રદ થયેલી હોવાથી તેનો સંલગ્ન કેસ સેશન્સ કેસ નં.૧૦૮/૨૦૨૫ ની કાર્યવાહી પણ નામદાર ગુજરાત હાઈકોર્ટ હુકમ મુજબ કવોશ (રદ) કરેલ હોવાથી ફેંસલ કરવામાં આવે છે.

આ કામનો મુદામાલનો નિકાલ ક્રિમીનલ મેન્યુઅલ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૩૦મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૩૦/૦૩/૨૦૨૬ (એમ.એફ.ખત્રી)

સ્થળ – મહેસાણા. બીજા એડીશ્નલ સેશન્સ જજ,

મહેસાણા

જીજે૦૦૬૯૧